રક્ષકોના પરિવારજનો પર બીમારીનો તોળાતો સતત ભય

# જે.પી. રોડ પોલીસ ક્વોર્ટર્સમાં ગંદકીનું સામ્રાજ્ય

## છેલ્લા 4-5 વર્ષથી પોલીસ પરિવારો નરકાગારમાં રહેવા મજબૂર: વારંવારની રજૂઆતો છતાં તંત્ર ઘોર નિદ્રામાં



(પ્રતિનિધિ) વડોદરા તા.7

સ્માર્ટ સિટી વડોદરામાં સામાન્ય નાગરિકોની સુવિધાઓની વાતો વચ્ચે શહેરના રક્ષકો એટલે કે પોલીસકર્મીઓના પરિવારો જે પરિસ્થિતિમાં જીવી રહ્યા છે, તે અત્યંત ચિંતાજનક છે. જે.પી. રોડ પોલીસ સ્ટેશનની અડીને આવેલા પોલીસ ક્વોર્ટર્સમાં છેલ્લા ચાર-પાંચ વર્ષથી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે. ગટરના ઉભરાતા ગંદા પાણી અને ગંદકીના કારણે અહીં સ્થિતિ નરકાગાર જેવી બની ગઈ છે. વોર્ડ નંબર 11 માં આવેલા આ પત્રકાર પોલીસ લાઈન ક્વોર્ટર્સમાં અંદાજે 32 જેટલા પરિવારો વસવાટ કરે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, અહીં ગટરની લાઈનો સંપૂર્ણપણે બેસી ગઈ છે અને બ્લોક થઈ ગઈ છે. જેના કારણે ગટરનું ગંદું પાણી રસ્તાઓ અને ઘરની આસપાસ ભરાઈ રહે છે. આ ગંદા પાણીના કારણે વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ છે અને મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે રહીશોમાં બીમારીનો ભય સતાવી રહ્યો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ એક સરકારી પોલીસ ક્વોર્ટર્સ હોવા છતાં અહીં સફાઈની કોઈ વ્યવસ્થા નથી. રહીશોએ આક્ષેપ કર્યો છે કે જ્યારે પણ ગટર ઉભરાય છે, ત્યારે તેઓએ ખાનગી વ્યક્તિઓને બોલાવીને પોતાના ખિસ્સામાંથી પૈસા ખર્ચીને સફાઈ કરાવવી પડે છે. રહીશ આદિલ પઠાણે જણાવ્યું હતું કે, ₹અમે છેલ્લા 20 વર્ષથી અહીં રહીએ છીએ, પણ છેલ્લા 5 વર્ષથી હાલત બહુ ખરાબ છે. કોર્પોરેશન કે પોલીસ વિભાગ તરફથી કોઈ સાંભળતું નથી. માત્ર ગટર જ નહીં, પરંતુ અહીં લાઈટ અને પાણીની પણ સમસ્યા છે. કોમન પ્લોટ કે પાણીના પંપનું લાઈટ બિલ ભરવા બાબતે પણ પોલીસ સ્ટેશન અને રહીશો વચ્ચે સંકલનનો અભાવ જોવા મળે છે. ક્યારેક બિલ ન ભરાતા લાઈટ કપાઈ જાય છે અને પાણી માટે પણ વલખાં મારવા પડે છે. સ્થાનિક રહીશ એ જણાવ્યું કે, ₹ગંદકીના કારણે અમે બીમાર પડીએ છે. પી.આઈ. થી લઈને પાલિકાની વોર્ડ ઓફિસ સુધી અનેકવાર લેખિત રજૂઆતો કરી હોવા છતાં આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. નાના બાળકો આ ગંદકીમાં રમી શકતા નથી.₹ હવે સવાલ એ ઊભો થાય છે કે, જે પોલીસકર્મીઓ આખા શહેરની સુરક્ષા માટે રાત-દિવસ એક કરે છે, તેમના જ પરિવારજનોને આવી નરકાગાર જેવી સ્થિતિમાં રાખવા તે કેટલું યોગ્ય છે? શું તંત્ર કોઈ મોટી મહામારી ફેલાય તેની રાહ જોઈ રહ્યું છે? સ્થાનિકોની માંગ છે કે સત્વરે ગટરની નવી લાઈન નાખવામાં આવે અને આવાસનું રિપેરીંગ કામ કરવામાં આવે.

વોર્ડ નંબર 12માં ગટરની ગંદકીનું ગ્રહણ

# આસ્થાને ગંદકીનો અવરોધ, શ્રદ્ધાળુઓ ગટરના પાણી ખૂંદી મંદિરે જવા મજબૂર



(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરા શહેરના વોર્ડ નંબર 12માં આવેલ પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. અહીં નટરાજ ટાઉનશિપ અને દર્શનમ ફ્લેટની પાસે આવેલ સુપ્રસિદ્ધ રામેશ્વર મહાદેવ મંદિરના માર્ગ પર છેલ્લા ઘણા સમયથી ગટરના ગંદા પાણી ઉભરાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે ભક્તોની આસ્થા પર ગંદકીનું ગ્રહણ લાગ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, મંદિરે જવા માટે ભક્તો ઘરેથી નાહી-ધોઈને પવિત્ર થઈને નીકળે છે, પરંતુ મંદિરના મુખ્ય માર્ગ પર જ ગટરના પાણી ફરી વળ્યા હોવાથી શ્રદ્ધાળુઓએ ફરજિયાતપણે આ અશુદ્ધ પાણીમાંથી પસાર થવું પડે છે. ગટરના ઉભરાતા પાણીને કારણે આસપાસના વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી બીમારી ફેલાવવાનો પણ ભય રહેલો છે. નાના બાળકો પણ આ ગંદા પાણીમાં ચાલીને મંદિરે જવા મજબૂર બન્યા છે. આ મામલે સ્થાનિકોએ અનેકવાર મહાનગરપાલિકામાં રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. સ્થાનિક નેતાઓ અને કાર્યકરોએ પણ આક્ષેપ કર્યો છે કે વોર્ડ નંબર 12 સમસ્યાઓનો ભંડાર બની ગયો છે. છેલ્લા ઘણા વર્ષોથી અહીં ગટર, રોડ-રસ્તા અને શુદ્ધ પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે.

ઉનાળાની સિઝનમાં પણ અહીં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ છે. ભક્તો અને સ્થાનિક રહીશોની માંગ છે કે મહાનગરપાલિકા દ્વારા આ ઉભરાતી ગટરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે. ભગવાનના નામ પર વોટ માંગતા નેતાઓ કામના નામ પર ક્યાં છે? તેવા સવાલો પણ જનતા ઉઠાવી રહી છે.

હજુ સુધી એકપણ ફોર્મ નોંધાયું નથી

# ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી: નામાંકન પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ), ભરૂચ. તા.7

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ માટે ભરૂચ જિલ્લામાં નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જોકે, પ્રક્રિયા શરૂ થયા બાદ પણ હાલ સુધી જિલ્લામાં એકપણ ઉમેદવારી ફોર્મ નોંધાયું નથી. જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ભરૂચ જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ માટે મતદાન તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ યોજાશે, જ્યારે મતગણતરી તા. ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ હાથ ધરાશે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા તા. ૦૬ એપ્રિલથી શરૂ થઈ છે અને તા. ૧૧ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. જ્યારે ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ તા. ૧૫ એપ્રિલ ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. હાલ સુધી જિલ્લામાં એકપણ ઉમેદવારી ફોર્મ ન ભરાવાની સ્થિતિ રાજકીય પક્ષો દ્વારા અંતિમ ક્ષણ સુધીની રાહ જોવાની વ્યૂહરચનાને સંકેત આપે છે. આગામી દિવસોમાં નામાંકન પ્રક્રિયામાં ગતિ આવવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પાર્થ જયસ્વાલ, ઈન્ચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 ની કલમ 163 હેઠળ ચૂંટણી અધિકારીની કચેરી આસપાસ ૧૦૦ મીટર વિસ્તારમાં પ્રતિબંધાત્મક નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે.જાહેરનામા મુજબ ઉમેદવારી પત્ર રજૂ કરવા અથવા પરત ખેંચવા આવતાં ઉમેદવાર સાથે વધુમાં વધુ બે વ્યક્તિઓ અને બે વાહનોને જ કચેરી વિસ્તારમાં પ્રવેશ મળશે.

એસટી નિગમે

# ઓનલાઈન મુસાફર પાસ સેવા ફરી શરુ કરી

વડોદરા: ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ એસટી દ્વારા મુસાફરો માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. દૈનિક મુસાફરી કરતા લાખો મુસાફરોને રાહત આપતી ઓનલાઈન મુસાફર પાસ સેવા જે ટેક્નિકલ કારણોસર કેટલાક સમયથી બંધ હતી, હવે ફરી શરૂ કરવામાં આવી છે. નિગમે આ સેવા માટે ઈનહાઉસ સોફ્ટવેર ડેવલપ કરીને સિસ્ટમને વધુ સુવ્યવસ્થિત અને સરળ બનાવી છે. નવી વ્યવસ્થામાં મુસાફરો હવે ક્યુઆર કોડ દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરી શકશે, જે પ્રક્રિયાને ઝડપી અને પારદર્શક બનાવે છે.ઓનલાઈન પેમેન્ટ કર્યા પછી મુસાફરો પોતાના નજીકના બસ સ્ટેશન પરથી મુસાફર પાસની પ્રિન્ટ મેળવી શકશે. આ સુવિધાથી રોજિંદા અપડાઉન કરતા મુસાફરોને લાંબી લાઈનમાં ઊભા રહેવાની જરૂર રહેશે નહીં.લોકલ તેમજ એક્સપ્રેસ બસમાં મુસાફરી કરતા અંદાજે 2 લાખથી વધુ મુસાફરોને આ નવી વ્યવસ્થાથી સીધી રીતે લાભ મળશે.

સિક્યુરિટીના નાક નીચે રિક્ષા માફિયાઓનો કબ્જો

# વડોદરાની SSG હોસ્પિટલ ખાનગી રિક્ષાઓ માટે સ્વર્ગ સમાન સ્થળ બન્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા અને મધ્ય ગુજરાતના લાખો દર્દીઓ માટે આશાનું કિરણ ગણાતી સયાજી હોસ્પિટલ (SSG) હાલ તેની સારવારને બદલે અન્ય કારણોસર વિવાદમાં આવી છે. હોસ્પિટલનું પ્રાંગણ અત્યારે દર્દીઓના વ્હીલચેર કે સ્ટ્રેચર માટે નહીં, પરંતુ ખાનગી રિક્ષાઓના 'અડ્ડા' તરીકે વધુ જાણીતું બન્યું હોય તેવું દ્રશ્ય સામે આવી રહ્યું છે. એસએસજી હોસ્પિટલમાં એન્ટ્રી ગેટથી લઈને ઈમરજન્સી વોર્ડ સુધીના રસ્તાઓ પર રિક્ષા ચાલકોએ પોતાનો અડિંગો જમાવ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, હોસ્પિટલ તંત્ર દ્વારા અહીં લાખોના ખર્ચે મોટી સુરક્ષા એજન્સી તૈનાત કરવામાં આવી છે. ઠેર-ઠેર સિક્યુરિટી ગાર્ડ્સ હોવા છતાં, રિક્ષા ચાલકો બેફામ રીતે મુખ્ય પ્રવેશદ્વાર અને વોર્ડની બહાર રિક્ષાઓ પાર્ક કરે છે. સવાલ એ થાય છે કે, આટલી મોટી સિક્યુરિટી હોવા છતાં આ રિક્ષાઓ કોના રાજમાં અને કોના મૌન સંમતિથી ઊભી રહે છે ? શું સિક્યુરિટી ગાર્ડ્સ અને રિક્ષા ચાલકો વચ્ચે કોઈ આંતરિક સાંઠગાંઠ છે ? માહિતી મુજબ, હોસ્પિટલમાં આવતા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને આ રિક્ષા ચાલકો દ્વારા લૂંટવામાં આવી રહ્યા છે. ઈમરજન્સી સ્થિતિમાં જ્યારે દર્દીને તાત્કાલિક ઘરે કે અન્ય સ્થળે લઈ જવાની જરૂર હોય, ત્યારે આ રિક્ષા ચાલકો માનવતા નેવે મૂકીને સામાન્ય કરતા બમણા-ત્રણ ગણા ભાડાની માંગણી કરે છે. મજબૂર દર્દીઓ પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી તેઓએ આ 'રિક્ષા માફિયાઓ' સામે ઝૂકવું પડે છે. શું વડોદરાનું તંત્ર જાગશે ? શું સયાજી હોસ્પિટલના સત્તાધીશો આ રિક્ષા ચાલકોને પરિસરમાંથી ખસેડીને દર્દીઓને આ લૂંટમાંથી બચાવશે ?



ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડયા

# છાણી મેલડી માતા મંદિરમાં ચોરી કરનાર સગીર સહિત ત્રણ ઝડપાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા શહેરના છાણી જકાતનાકા વિસ્તારમાં આવેલ પારૂલપાર્ક તથા ગિરિરાજ સોસાયટીની બહાર દિવાલ પર આવેલા મેલડી માતાના મંદિરમાં થયેલી ચોરીનો ભેદ પોલીસે ઝડપથી ઉકેલી દીધો છે. ગત 4 એપ્રિલના રોજ અજાણ્યા ચોરોએ મંદિરનો દરવાજો તોડી અંદર પ્રવેશ કરી ચાંદીની મેલડી માતાની મૂર્તિ તેમજ મૂર્તિ પર ચડાવેલા આભૂષણોની ચોરી કરી હતી. ઘટનાને લઈને વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા જ વડોદરા સિટી ક્રાઈમ બ્રાન્ચ હરકતમાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એમ. ગામેતીના માર્ગદર્શન હેઠળ ટીમે સીસીટીવી ફુટેજ તેમજ હ્યુમન સોર્સના આધારે તાબડતોબ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એક સગીર શંકાસ્પદ જણાતા તેને તેના વાલીની હાજરીમાં પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ દરમિયાન સગીરે ચોરી કબૂલ કરી હતી અને જણાવ્યું હતું કે તેણે મંદિરમાંથી ચાંદીની મૂર્તિ તથા બે હારની ચોરી કરી હતી. બાદમાં આ ચોરીનો માલ તેણે તેના મિત્ર જય હસમુખભાઈ ભીમાણી મારફતે પાદરાના આશીક રહેમત મલ્લીકને વેચી દીધો હતો. માહિતીના આધારે ક્રાઈમ બ્રાન્ચે તરત જ બંને આરોપીઓને ઝડપી પાડી પૂછપરછ હાથ ધરી હતી. તપાસમાં ખુલ્યું કે આશીક મલ્લીક દ્વારા ચોરી કરાયેલ મૂર્તિને ઓગાળીને ચાંદીની લગડી બનાવી દેવામાં આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચાંદીની લગડી, આભૂષણ હાર, મોબાઈલ તથા સ્કૂટર સહિત કુલ રૂપિયા 1.42 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સમગ્ર મામલે પોલીસે એક સગીર અને બે આરોપીઓને ફતેગંજ પોલીસને સોંપ્યા છે. હાલમાં આગળની કાયદેસરની કાર્યવાહી ચાલુ છે.

એક-એક પાઈનો હિસાબ: પ્રચારના બિલો સાચવી રાખવા પડશે

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોની તિજોરી પર મર્યાદા

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ હવે અંતિમ ચરણમાં છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ વખતે ચૂંટણીમાં પારદર્શિતા લાવવા અને નાણાબળના પ્રભાવને રોકવા માટે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. જે અંતર્ગત વડોદરા મહાનગરપાલિકા સહિત રાજ્યની તમામ નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોના ઉમેદવારો માટે ચૂંટણી પ્રચારના ખર્ચની મહત્તમ મર્યાદા નક્કી કરી દેવામાં આવી છે. ચૂંટણી પંચ દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થાય તે હેતુથી આદર્શ આચારસંહિતાના અમલ માટે રાજ્યભરમાં 15 જેટલા અલગ-અલગ જાહેરનામા બહાર પાડવામાં આવ્યા છે. વડોદરા સહિત રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો અને ચૂંટણી અધિકારીઓને આદેશ આપવામાં આવ્યો છે કે ઉમેદવારોના ખર્ચ પર 'વોચ' રાખવામાં આવે. નવા જાહેરનામા મુજબ, મહાનગરપાલિકાના કોર્પોરેટર પદના ઉમેદવાર વધુમાં વધુ 9 લાખ રૂપિયાનો ખર્ચ કરી શકશે. જ્યારે જિલ્લા પંચાયતના સભ્ય માટે 6 લાખ, નગરપાલિકાના ઉમેદવાર માટે 3.50 લાખ અને તાલુકા પંચાયતના ઉમેદવાર માટે 3 લાખ રૂપિયાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ મર્યાદાથી વધુ ખર્ચ કરનાર ઉમેદવાર વિરુદ્ધ કડક શિક્ષાત્મક પગલાં લેવાની પણ જોગવાઈ છે. ચૂંટણી પૂર્ણ થયા બાદ દરેક ઉમેદવારે પ્રચાર દરમિયાન કરેલા નાનામાં નાના ખર્ચના અસલ બિલો અને વાઉચરો સાથેનો સંપૂર્ણ હિસાબ નિર્ધારિત સમયમાં ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવો પડશે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું છે કે પ્રચારના ખર્ચનો હિસાબ રાખવામાં ચૂક કરનાર ઉમેદવારને ભવિષ્યમાં ગેરલાયક પણ ઠેરવી શકાય છે.

**ચૂંટણી ખર્ચનું નવું માળખું**

ગુજરાતના ઉમેદવારોએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ ખર્ચના અસલ બિલો સાથેનો હિસાબ નિયત ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનો રહેશે

**મહાનગરપાલિકા કોર્પોરેટર:** વધુમાં વધુ 9,00,000 સુધીનો ખર્ચ કરી શકશે.

**જિલ્લા પંચાયત સભ્ય:** વધુમાં વધુ 6,00,000 સુધીનો ખર્ચ કરી શકશે.

**નગરપાલિકા સભ્ય:** વધુમાં વધુ 3,50,000 સુધીનો ખર્ચ કરી શકશે.

**તાલુકા પંચાયત સભ્ય:** વધુમાં વધુ 3,00,000 સુધીનો ખર્ચ કરી શકશે.

રાત્રીના દંપતી ઊંઘી જતા ગઠીયાએ ખેલ પાડયો

# ચાલુ ટ્રેનમાં મહિલાના 10.30 લાખના દાગીના-રોકડની ચોરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

ગોવાથી અમદાવાદ જતું દંપતી ટ્રેનમાં સુઈ ગયું હતું. દરમ્યાન તકનો લાભ લઈ મહિલાનું સોનાના દાગીના, રોકડ રૂપિયા અને મોબાઈલ સહિત રૂ.10.30 લાખની માલમતા ભરેલું પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. મહિલાના પતિએ વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગોવાના પોન્ડા વિસ્તારમાં રહેતા ઓમપ્રકાશ ઈસરારામ બિશ્નોઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ પોતાની પત્ની સાથે તા. 20 માર્ચ 2026ના રોજ મડગાવ જંકશનથી અમદાવાદ જવા માટે ભાવનગર ટર્મિનસ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. બંનેએ રિઝર્વેશન કોચમાં મુસાફરી દરમિયાન રાત્રે લગભગ 11 વાગ્યાની આસપાસ બંને પતિ-પત્ની પોતાની સીટ પર સુઈ ગયા હતા. ત્યારબાદ તા. 21 માર્ચના રોજ વહેલી સવારે લગભગ 4:45 વાગ્યે ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન પર પહોંચી ત્યારે આસપાસ અવાજ થતા પત્ની જાગી હતી. તે વખતે સીટ પર રાખેલું તેમનો પિંક કલરનો લેડીઝ પર્સ ગુમ થયેલુ જણાયું હતું. પર્સની શોધખોળ છતાં તે ક્યાંય મળ્યો નહોતો, જેથી અજાણ્યા ચોર દ્વારા ચોરી થયાની ખાતરી થઈ હતી. ચોરી થયેલા પર્સમાં રોકડ રૂપિયા 20,000, વીવો કંપનીનો મોબાઈલ ફોન કિંમત અંદાજે 10,000, તેમજ સોનાના દાગીનામાં 50 ગ્રામની કંઠી, 30 ગ્રામનું મંગળસૂત્ર અને 20 ગ્રામની નાકની મથ સાથે ચેઈન સહિત કુલ અંદાજે 10.30 લાખની કિંમતનો મુદ્દામાલ હતો. ઉપરાંત આધાર કાર્ડ અને અન્ય જરૂરી દસ્તાવેજો પણ પર્સમાં હતા. આ ઘટના અંગે ટ્રેન વડોદરા સ્ટેશન પર પહોંચતા જ ફરિયાદી દ્વારા જાણ કરવામાં આવી હતી. ત્યારે પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોર્પોરેશન દ્વારા નવી પાઇપલાઇન નાખવાની કામગીરી તેજ

# તરસાલીના નૂર પાર્ક વિસ્તારમાં વર્ષો જૂની પાણીની સમસ્યાનો અંત

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા વહિવટી વોર્ડ નં. 16ના રહીશો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. ખાસ કરીને તરસાલી દિવાળીપુરા અને નૂર પાર્ક વિસ્તારમાં વર્ષોથી પીવાના પાણીની જે મુખ્ય સમસ્યા હતી, તેનું નિરાકરણ લાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ, નૂર પાર્કમાં સિરાજ પ્રોવિઝન સ્ટોરની ગલીમાં છેલ્લા ઘણા વર્ષોથી પાણીની કાયમી પાઈપલાઈન ની સુવિધા ઉપલબ્ધ નહોતી. આ વિસ્તારના રહીશોને પાણી મેળવવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ સમસ્યાને ધ્યાને રાખીને વોર્ડ નં. 16 દ્વારા આશરે 50 મીટર લાંબી નવી પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા જ સ્થાનિક વિસ્તારના આશરે 200 જેટલા નાગરિકોને સીધો લાભ મળશે અને તેમને ઘર આંગણે જ પૂરતું પાણી મળી રહેશે. અત્યાર સુધી આ વિસ્તારના લોકો દૂરના સ્થળેથી જોડાણ મેળવીને પાણીનો વપરાશ કરતા હતા, જેના કારણે પાણીનું પ્રેશર ખૂબ જ ઓછું રહેતું હતું. પાલિકાના જણાવ્યા અનુસાર, નવી નળીકા નાખ્યા બાદ તમામ કનેક્શન નવી લાઈન પર ટ્રાન્સફર કરવામાં આવશે. આ વ્યવસ્થાથી પાણીના પ્રેશરમાં મોટો સુધારો જોવા મળશે. વધુ લોકોને પુરતા જથ્થામાં અને ફોર્સથી પાણી ઉપલબ્ધ થશે. પાલિકા તંત્ર દ્વારા વિસ્તારના વિકાસ અને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે આ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. હાલમાં સ્થળ પર કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, જે આગામી ટૂંકા સમયમાં પૂર્ણ કરી લેવામાં આવશે.



યોગ્ય વળતર મુદ્દે ઉગ્ર વિરોધ, પોલીસ દોડી આવી

# હાંસોટ પંથકમાં પાવરગ્રીડ હાઈટેન્શન લાઈન કામગીરી ખેડૂતોએ અટકાવી

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ, તા.7

હાંસોટ પંથકમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ચાલી રહેલી હાઈટેન્શન ટ્રાન્સમિશન લાઈનની કામગીરી સામે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. ઈલાવ ગામ સહિત આસપાસના વિસ્તારોના 100 થી વધુ ખેડૂતો એકત્રિત થઈ કામગીરી અટકાવી દેતા પરિસ્થિતિ તંગ બની હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ પાવરગ્રીડ લાઈન માટે જમીન લેવામાં આવી રહી છે પરંતુ તેના બદલામાં યોગ્ય અને સમાન વળતર આપવામાં આવતુ નથી. આ મુદ્દે અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ સંતોષકારક નિરાકરણ ન મળતા ખેડૂતોને વિરોધનો માર્ગ અપનાવવો પડ્યો હતો. ખેડૂતોએ સ્થળ પર પહોંચી કામગીરી તાત્કાલિક બંધ કરાવી દીધી હતી. વિરોધ વધતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ નિયંત્રણમાં લેવા પ્રયત્નો હાથ ધર્યા હતા. ખેડૂતોનો આક્ષેપ છે કે રાજ્યના અન્ય જિલ્લાઓમાં સમાન પ્રકારના પ્રોજેક્ટ માટે વધુ દરે વળતર ચૂકવવામાં આવ્યુ છે, જ્યારે ભરૂચ જિલ્લામાં તે જ માપદંડો અમલમાં મૂકવામાં આવતા નથી. જેના કારણે નીતિ અને અમલ વચ્ચે અસંગતતા હોવાનો પ્રશ્ન ઉઠ્યો છે. ખેડૂત સુનિલ ભટ્ટ અને ધર્મેન્દ્ર પટેલે જણાવ્યુ હતુ કે જમીન ગુમાવનાર ખેડૂતોને સમાન હક્ક અને યોગ્ય વળતર મળવું જ જોઈએ. વળતર બાબતે પારદર્શક નીતિ જાહેર કરવામાં આવે અને યોગ્ય દરે ચૂકવણી થાય તેવી તેમની માંગ છે. ખેડૂતોએ ચેતવણી આપી હતી કે માંગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી કામગીરીને મંજૂરી આપવામાં નહીં આવે.



દરિયાકાંઠાના ગામોમાં ઠંડક

# જંબુસરમાં વાતાવરણ પલટાયું, વરસાદી ઝાપટાં

(પ્રતિનિધિ), ભરૂચ. તા.7

જંબુસર પંથકમાં મંગળવારે બપોર બાદ હવામાને અચાનક કરવટ બદલી. દિવસભરની કડકડતી ગરમી બાદ આકાશમાં ઘેરા વાદળો છવાઈ જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તાલુકાના દરિયાકાંઠાના કાવી, કંબોઈ અને દહેગામ જેવા ગામોમાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં, જેણે સ્થાનિક વિસ્તારોને હળવી રાહત આપી હતી. શહેર વિસ્તારના લોકોને આ અચાનક બદલાયેલા મોસમથી ગરમીથી છુટકારો મળ્યો હતો. જોકે, ગ્રામ્ય વિસ્તારોના ખેડૂતો માટે આ પરિસ્થિતિ ચિંતાનો વિષય બની છે. ખેતરોમાં ઊભેલા પાક પર વરસાદની અસર થવાની ભીતિથી તેઓ પાક સુરક્ષિત રાખવા દોડધામ કરતા જોવા મળ્યા હતા. સ્થાનિકોના મતે, ચાલુ વર્ષે હવામાન વિભાગની આગાહીઓ મોટાભાગે સચોટ સાબિત થઈ રહી છે. આજનો વાતાવરણીય પલટો પણ આગાહી મુજબ જ આવ્યો હોવાનું મનાઈ રહ્યું છે. હવામાનમાં આવતા આ અચાનક ફેરફારોને ધ્યાને રાખીને આગામી દિવસોમાં પણ આવી જ સ્થિતિ સર્જાવાની શક્યતા છે. ખેડૂતોને સતર્ક રહેવા અને જરૂરી તકેદારી રાખવા સૂચન કરવામાં આવ્યું છે.



“દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ'

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ.ના કુસ્તીબાજ બ્રોન્ઝ મેડલ મેળવ્યો

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

છત્તીસગઢનાં અમ્બિકાપુર ખાતે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) યોજાયો હતો. તેમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુશળ કુસ્તીબાજ લીલા ચાવડાએ ૬૮ કિ.ગ્રા. વેઈટ કેટેગરીમાં પોતાની અદ્વિતીય કુસ્તીકળાના જોરે સમગ્ર ભારતમાં તૃતીય સ્થાન મેળવી ‘બ્રોન્ઝ મેડલ’ મેળવી વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સના ડિરેક્ટર પ્રો(.(ડૉ.) રણછોડ રથવીએ જણાવ્યુ હતુ કે, આ સ્પર્ધા રાષ્ટ્રીય સ્તરના દેશના સર્વપ્રથમ 'ખેલો ઈન્ડિયા જનજાતીય ખેલ-મહોત્સવ' (National Tribal Games) જનજાતીય મહાકુંભમાં કુસ્તી ક્ષેત્રે વિજયી બની મેડલ મેળવ્યો હોય તેવી ગુજરાત રાજ્યની આ સૌપ્રથમ ઐતિહાસિક સિદ્ધિ છે. લીલા ચાવડાની આ અપ્રતિમ સફળતાએ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી અને ગુજરાત રાજયના ખેલ જગતનું ગૌરવ અને સન્માન રાષ્ટ્રીય ફલક પર વધાર્યું છે. બહેનોની સ્પર્ધામાં આવી વિશિષ્ટ સિધ્ધિ મેળવવી ખૂબજ ગૌરવની વાત છે. લીલા ચાવડાની આવી વિશિષ્ટ અને વિરલ સિદ્ધિ મેળવવા માટે સમગ્ર ગુજરાત અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું ગૌરવ અને સન્માન વધાર્યુ છે. લીલા ચાવડાને આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મનીષ રાવલ સાહેબ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ અને સમગ્ર યુનિવર્સિટી પરિવારે અભિનંદન આપ્યા હતા. લીલા ચાવડાની આવી વિશિષ્ટ સિદ્ધિ મેળવવા માટે તેના માર્ગદર્શક કુશ્તી કોચ શ્રીગૌતમભાઈ દેસાઈએ માર્ગદર્શન આપ્યુ હતું. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. મનીષ રાવલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશન અને સ્પોર્ટ્સ ના ડિરેક્ટર પ્રો.(ડૉ.)રણછોડ રથવીએ આ સફળતાને રાજયના ખેલાડીઓ માટે પ્રેરણારૂપ ગણાવી વિજેતા ખેલાડીના ઉજ્જવળ ભવિષ્ય માટે અનંત શુભેચ્છાઓ આપી હતી.

